શહેરી વિકાસ વિભાગની કામગીરીઃ ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિતના શહેરની આસપાસને વિસ્તારને આવરી લેતી બાડા હેઠળના વિસ્તારની ડ્રાફ્ટ ડી.પી. યોજનાનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધિ માટે મંજૂરી

- ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિતના શહેરની આસપાસના વિસ્તારને આવરી લેતી ભાવનગર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી (BADA) હેઠળના વિસ્તારની ડ્રાફ્ટ ડી.પી. યોજનાને તા.4/7/2013નાં રોજ કેટલાંક ફેરફારો સૂચવી પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવા મંજૂરી આપવામા આવેલ છે.
- સદર પ્રાથમિક જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયે 2 માસની સમયમર્યાદામાં વાંધા/સૂચનો સરકારશ્રીને કરવાના રહેશે.
- મળેલ વાંધા/સૂચનો પરત્વે નિર્ણય લઈ આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે. વિકાસ યોજનાની મંજૂરી મળવાથી ભાવનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં સુઆયોજીત અને સુગ્રથિત વિકાસને વેગ મળશે. શહેરની સને 2031ની સૂચિત વસ્તી ધ્યાને લઈને આ ડી.પી. બનાવાયેલ છે.
- સૌનો સાથ. સૌના વિકાસ.. જય જય ગરવી ગુજરાત..